**આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીઆ કેન્દ્ર ખાતે**
**આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર , દેવગઢ બારીઆ ધ્વારા પાંચ દિવસીય પ્રાયોજીત**
**"વ્યવસાયલક્ષી " તાલીમ કાર્યક્રમ**

આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીઆ ધ્વારા પ્રાયોજીત વ્યવસાયલક્ષી (સિવણ કાર્ય) તાલીમ કાર્યક્રમનું આયોજન તા. ૧૮–૨૨, જુલાઈ ૨૦૧૬ દરમ્યાન આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીઆ ખાતે યોજવામાં આવેલ. જેમાં દેવગઢ બારીઆ તાલુકાના ઉધાવળા ગામની ૨૬ (છવ્વીસ) આદિવાસી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્રના વડા ડૉ. જી.જે.પટેલ (સંશોધન વૈજ્ઞાનિક) ધ્વારા વ્યવસાયલક્ષી તાલીમના મહત્વથી બહેનોને માહિતગાર કરવામાં આવેલ. તા.૧૮–૨૨, જુલાઈ ૨૦૧૬ દરમ્યાન દિપ્તીબેન પી.પટેલ,રીસર્ચ એસોસીએટના માર્ગદર્શન હેઠળ સિવણ કાર્યની તાલીમ રેશમાબેન વી.બારીઆ ધ્વારા આપવામાં આવેલ. તાલીમાર્થી બહેનો ધ્વારા સફળતા પૂર્વક તાલીમ કામગીરી પૂર્ણ કર્યા બાદ તા. ૨૨–૦૭–૨૦૧૬ના રોજ ડૉ.અરુણભાઈ એ.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદના અધ્યક્ષપણા હેઠળ તેમજ તેઓશ્રીના વરદ હસ્તે પ્રમાણપત્રોનું વિમોચન કરવામાં આવેલ.

અંતમાં ડૉ. અરુણભાઈ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ ધ્વારા આદિવાસી બહેનો પોતાના પગભર ઉભા થાય અને રોજગારી મેળવી પોતાના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થાય તે માટે તાલીમાર્થીઓને પ્રોત્સાહીત કર્યા.









